RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૨૮ તા.૧૬–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વસાવા કિરણકુમાર રાજુભાઈ
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મહેકમ વિભાગ)
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વસાવા કિરણકુમાર રાજુભાઈની તા. ૨૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં મેઈનટેનન્સ આસી. (ઈલે.) ની ભરતીની જાહેરાત આપવામાં આવી હતી તેનો જાહેરાત ક્રમાંક પીઆરઓ/૩૯૧/૨૦૦૮–૦૯ છે તેની લેખિત પરીક્ષા તા.૨૧–૬–૦૯ ના રોજ લીધેલ હતી ત્યાર બાદ તા.૯–૯–૦૯ ના રોજ પર્સનલ ઈન્ટરવ્યુ લીધા હતા ત્યાર બાદ ૧૦–૯–૦૯ ના રોજ સિલેકટ થયેલ ઉમેદવારોના નામ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવ્યા હતા પરંતુ આજ દિન સુધી નિમણુંક આપવામાં આવી નથી તો સુમપા કયા કારણોસર નવી જાહેરાત આપવામાં આવી છે. તેની જાહેરાત નં.પીઆરઓ/૬૦૩ /૧૧–૧૨ છે વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૮ /૨૦૧૧–૧૨
શ્રી વસાવા કિરણકુમાર રાજુભાઈની તા. ૨૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં મેઈનટેનન્સ આસી. (ઈલે.) ની ભરતીની જાહેરાત આપવામાં આવી હતી તેનો જાહેરાત ક્રમાંક પીઆરઓ/૩૯૧/૨૦૦૮–૦૯ છે તેની લેખિત પરીક્ષા તા.૨૧–૬–૦૯ ના રોજ લીધેલ હતી ત્યાર બાદ તા.૯–૯–૦૯ ના રોજ પર્સનલ ઈન્ટરવ્યુ લીધા હતા ત્યાર બાદ ૧૦–૯–૦૯ ના રોજ સિલેકટ થયેલ ઉમેદવારોના નામ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવ્યા હતા પરંતુ આજ દિન સુધી નિમણુંક આપવામાં આવી નથી તો સુમપા કયા કારણોસર નવી જાહેરાત આપવામાં આવી છે. તેની જાહેરાત નં.પીઆરઓ/૬૦૩ /૧૧–૧૨ છે વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭૬ તા.૧–૩–૧૨ થી** પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મહેકમ વિભાગ), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી અરજી ફી ભરપાઈની વિગત, જાહેર માહિતી અધિકારીનો મળેલ પ્રત્યુત્તર અને તે અંગે મુદ્દાવાર નારાજગી આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૧ તા.૭–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૧ તા. ૧–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તેમજ ઈ.ચા. તમામ સીટી સીવીક સેન્ટર ને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૬૮ તા.૩૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ, રેકર્ડ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૫૦ તા.૨–૨–૧૨ થી નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૩૭ તા.૭–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, આસી. ઈલે. ના પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ તરફથી પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૧૧ /૫૬૬૦/પી તા.૫–૧૨–૧૧ ના પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/આર/૩૬૭ તા.૭–૩–૯૨ થી ખાનગી મીટીંગ અંગેના પત્રની

નકલ, તા.૨૦–૧–૧૨ થી ખાલી જગ્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૧ તા.૭–૩–૧૨ થી સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૧ તા.૧–૨–૧૨ થી મધ્યસ્થ મહેકમ તેમજ ઈ.ચા. તમામ સીટી સીવીક સેન્ટરને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૭–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા ન.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૬૮ તા.૩૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ, રેકર્ડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૯૧ તા.૧–૨–૧૨ થી ઈ.ચા. તમામ સીટી સીવીક સેન્ટરને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) તા.૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં મેઈનટેનન્સ આસી. (ઈલે.) ની ભરતીની જાહેરાત આપવામાં આવી હતી તેનો જાહેરાત ક્રમાંક પીઆરઓ/૩૯૧/૨૦૦૮–૦૯ છે તેની લેખિત પરીક્ષા તા.૨૧–૬–૦૯ ના રોજ લીધેલ હતી ત્યાર બાદ તા.૯–૯–૦૯ ના રોજ પર્સનલ ઈન્ટરવ્યુ લીધા હતા ત્યાર બાદ ૧૦–૯–૦૯ ના રોજ સિલેકટ થયેલ ઉમેદવારોના નામ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવ્યા હતા પરંતુ આજ દિન સુધી નિમણુંક આપવામાં આવી નથી તો સુમપા કયા કારણોસર નવી જાહેરાત આપવામાં આવી છે. તેની જાહેરાત નં.પીઆરઓ/૬૦૩ /૧૧–૧૨ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૭૩૭ તા.૭–૨–૧૨ થી સમય અવધિમાં મેઈન્ટેન્સ આસી. (ઈલે.) ની ભરતીની ઉપરોકત જાહેરાતના અનુસંધાને તૈયાર કરવામાં આવેલ પ્રતિક્ષાયાદી નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થયા બાદ મધ્યસ્થ મહેકમ ધ્વારા સદરહુ પ્રતિક્ષાયાદીમાંથી નિયમોનુસાર નિમણુંક આપવા સંબંધે કરવામાં આવેલ કાર્યવાહીને લગતા નોંધ વિભાગના પેપર્સ, પ્રતિક્ષાયાદીમાંથી પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંક આપવા બાબતે માર્ગદર્શન સબંધી સરકારશ્રીના શ. વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના પત્ર ક્રમાંક સમન / ૧૦૨૦૧૧/૫૬૬૦ થી તા.૫–૧૨–૧૧ તથા સદરહુ જગ્યા માટે નવેસરથી કાર્યવાહી કરવા બાબતે કમિ.શ્રીના તા.૩–૧–૧૨ થી આદેશ કરેલ છે. જેની નકલ અરજદારને આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૩૫૧ તા.૧૪–૨–૧૨ થી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૬૮ થી રીક્રુટમેન્ટને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવી સાથે મુદ્દા નં. ૩ અંગે ૨૦૦૮ની જાહેરાત સમયે ૧૧૪૪ ફોર્મ વેચાણના રૂા. ૨૮૬૦૦/– જમા થયાની માહિતી આપેલ.

મુદ્દા નં.(૨) તા.૨૪–૧–૧૨ ના વર્તમાનપત્રમાં આપેલી મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ની જાહેરાત આપવામાં આવી છે પરંતુ અગાઉના જાહેરાતની નિમણુંક તો સુમપા આજ દિન સુધી નિમણુંક આપી નથી અને સુમપાએ અગાઉ આપેલી જાહેરાત આજ દિન સુધી કોઈ નિર્ણય તો લીધો નથી તો કયા નિયમોનુસાર અને કોના આદેશથી નવી જાહેરાત આપવામાં આવી છે તેની પુરાવા રજૂ કરવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૧ માં જણાવેલ પૂર્તતા અનુસાર અગાઉની જાહેરાતના અનુસંધાનમાં કાર્યવાહી કરવામાં આવેલ છે અને મ્યુ. કમિ.શ્રીના તા.૩–૧–૧૨ ના આદેશ અન્વયે તથા મ્યુ. કમિ.શ્રીની તા.૨૪–૧–૧૨ ની મંજુરીથી જાહેરાત ઉપરોકત જગ્યા માટેની જાહેરાત વર્તમાન પત્રમાં આપવામાં આવેલ છે તથા સુમપામાં પ્રતિક્ષાયાદીની મુદત સબંધે ચર્ચા કરવા માટે તા.૪–૩–૯૨ ના રોજ કમિ.શ્રીના અધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવેલ મીટીંગ સબંધેની મીનીટસ તા.૬–૩–૧૨ સંદર્ભે આસી. કમિ. શ્રી (પએનઈ) ની ખાનગી નોંધ નં.જીએડી/ઈએસટી/આર/ ૩૬૭ થી તા.૭–૩–૯૨ ની નકલ અરજદારને પૂરી પાડવામા આવેલ છે. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૫૧ તા.૧૪–૨–૧૨ થી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૬૮ થી રીક્રુટમેન્ટને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ.

મુદ્દા નં.(૩) સુમપાએ આજ રીતે જાહેરાત આપી અને નિમણુંક ન આપવાના હોય તો શા માટે જાહેરાત આપી ફોર્મના પૈસા ભેગા કરે છે અને ને પણ ત્રણ વર્ષ સુધી કોઈ નિર્ણય ન આવતો હોય તો અગાઉ ૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં આવેલી જાહેરાતમાં ટોટલ કેટલા ફોર્મ વેચાયા હતાં. અને સુમપા એ કેટલું ભંડોળ ભેગું કરેલ હતું તે જણાવવું જેથી અમોને આગળની કાર્યવાહી કરતાં સમજ પડે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી ઉપરોકત મેઈન્ટેન્સ આસી. (ઈલે.) ની જગ્યા માટેની જાહેરાત આપ્યા બાદ નિમણુંક આપવા સબંધે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પેરા–૧ તથા ૨ ની વિગતે કાર્યવાહી કરવામાં આવેલ છે. ફોર્મ વેચાણને લગતી માહિતી સંદર્ભે સેન્ટ્રલઝોન ધ્વારા અરજી સેકશન ઓફિસર (રેકર્ડ વિભાગ) તથા રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તમામ સીવીક સેન્ટરના ઈ.ચા. ને તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સમય અવધિમાં પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૦૬ તા.૨૪–૨–૧૨ થી અઠવાઝોનના સીટી સીવીક સેન્ટર ધ્વારા તા.૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં મેઈન્ટેન્સ આસી. (ઈલે.) ની જાહેરાતના રૂા.૨૫/– ની કિંમતવાળા કુલ રૂા.૫૧૫૦/– ફોર્મનું વેચાણ થયેલ હતું તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે

જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૦૯૮ તા.૧૪–૩–૧૨થી સમય અવધિ બાદ લીંબાયતઝોન ધ્વારા કુલ–૬૯ ફોર્મ વેચાયા હતા અને કુલ રૂા.૧૭૨૫/– નું ભંડોળ થયેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રેકર્ડ વિભાગ તરફથી પત્ર નં.આર.કે./આ.નં.૫૫૯ તા.૨૧–૨–૧૨ થી સમય અવધિમાં

| ફોર્મની સંખ્યા | ફોર્મની કિંમત | કુલ રૂા. |
|---|---|---|
| ૧,૦૬૪ | ૨૫/– | ૨૬,૬૦૦/– |
| ૧૬૪ | ૫૦/– | ૮,૨૦૦/– |

અન્ય ઝોનના જુદા જુદા સીવીક સેન્ટરોને નીચે મુજબ વેચાણ માટે અરજી ફોર્મ આપેલ છે.

| ઝોન/સીવીક સેન્ટર | રૂા.૨૫/– | રૂા.૫૦/– |
|---|---|---|
| અઠવાઝોન (સાઉથ વેસ્ટ ઝોન) | ૪૦૦ | ૧૦૦ |
| ઉધનાઝોન (સાઉથ ઝોન) | ૨૦૦ | ૧૦૦ |
| સેન્ટ્રલઝોન | ૧૦૦ | ૧૦૦ |
| સેન્ટ્રલઝોન | ૧૦૦૦ | ૨૦૦ |
| રાંદેરઝોન (વેસ્ટઝોન) | ૨૦૦ | ૧૦૦ |

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથીપત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૦૫૦તા.૧૫–૨–૧૨ થી સમય અવધિમાં

| વેચાણ સ્થળ | વેચાણ થયેલ ફોર્મ | ફોર્મની કિંમત | કુલ |
|---|---|---|---|
| નોર્થઝોન | ૯૨ | ૨૫ | ૨,૩૦૦/– |
| વેડ સીવીક | ૧૬ | ૨૫ | ૪૦૦/– |
| કુલ ફોર્મ | ૧૦૮ | ૨૫ | ૨,૭૦૦/– |

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૫૧ તા.૧૪–૨–૧૨ થી સમય અવધિમાં સેન્ટ્રલઝોનના નાગરીક સુવિધાકેન્દ્રખાતેથી તા.૨૭–૧૦–૦૮ થી તા.૨૯–૧૧–૦૮ સુધીમાં કુલ ૧૧૪૪ નંગ ફોર્મનું વેચાણ થયેલ છે જે પેટે રૂા.૨૮,૬૦૦/– જમા થયેલ છે. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૪૮૭ તા.૧૮–૨–૧૨ થી સમય અવધિમાં તા.૨૭–૧૦–૦૮ ના વર્તમાનપત્રમાં આપવામાં આવેલ જાહેરાત અંગે કુલ ૧૪૩ ફોર્મ વેચાયા હતાં જે અંગે રૂા. ૩૫૭૫/– (રૂપિયા ત્રણ હજાર પાંચસો પંચોતેર પુરા) વસુલ લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન /આ.નં. ૧૦૬૨ તા.૯–૨–૧૨ થી સમય અવધિમાં વેસ્ટઝોન સીવીક સેન્ટર તેમજ અડાજણ સીવીક સેન્ટર ખાતે જાહેરાતના આ.નં.૧ થી ૫ માટે કુલ ૪૪ ફોર્મ્સ તેમજ આ.નં.૬ થી ૧૭ માટે કુલ ૨૮૩ ફોર્મ્સનું વેચાણ થયેલ છે અને ઉકત વેચાણ પેટે કુલ રૂા.૯૩૨૫/– જમા થયેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૫૦ તા. ૨–૨–૧૨ થી માહિતી માટે જણાવેલી વિગતો અનુસાર રૂા.૨૪/– (ચોવીસ રૂપિયા પુરા) જમા કરાવવાનું જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારે રસીદ નં.૧૫૪૧૬૯ તા.૬–૨–૧૨ થી રૂા.૨૪/– ભરપાઈ કરેલ છે અને નકલો મેળવેલ છે.

અરજદારે અપીલ અરજીમાં અંતિમ બે પેરામાં ભરતીના નિયમો અનુસાર સુમપાએ ભુતકાળમાં આ રીતે કાર્યપાલક ઈજનેરશ્રી ટેકનીશ્યનની પ્રતિક્ષાયાદીની મુદત વધારી હતી તો સુમપાના કમિશ્નરે સરકારશ્રીના માર્ગદર્શન મુજબ નિર્ણય લીધો નથી અને સરકારશ્રીએ મંગાવેલા માર્ગદર્શનનો અપમાન કરેલ છે અને કોઈ પણ નિર્ણય નિયમોની આધીન કરવાનો થાય છે. તેવી અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૧ તા.૭–૩–૧૨ થી પૂરક પત્રમાં અરજદારે મુળ અરજીથી અલગ પ્રકારની અને સૂચન સ્વરૂપની રજૂઆત કરેલ છે. આરટીઆઈ હેઠળ રેકર્ડ ઉપર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૨–૧૨ ધ્યાને લેતાં ૧૬–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૧–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૩ ની ફોર્મ વેચાણની માહિતી આરટીઆઈ એકટની એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે. બાકીના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડેલ હોઈ તે અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મહેકમ વિભાગ), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વસાવા કિરણકુમાર રાજુભાઈ,